# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-02-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## બોર્ડની પરીક્ષા માટે હેલ્પ લાઈન:

**રાજ્યભરમાં આજથી ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થશે. રાજ્યના 15 લાખથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. ત્યારે રાજ્યભરમાં પરીક્ષા કેન્દ્ર પર સીસીટીવી કેમેરા, કડક સુરક્ષા વ્યવસ્થા સહિતની સુવિધા કરવામાં આવી છે.**

**બોર્ડની પરિક્ષાઓ માટે કચ્છ જીલ્લાનું વહીવટી તંત્ર સજ્જ છે. કચ્છના કલેક્ટર આનંદ પટેલે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી તેમને આત્મવિશ્વાસ સાથે અને ભય વિના પરીક્ષા આપવા અપીલ કરી છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ સમયસર અને તણાવમુક્ત રીતે પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચી શકે તે માટે પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા સરાહનીય પહેલ કરવામાં આવી છે. 'આપની સેવા અને સુરક્ષા માટે હંમેશા તત્પર'ના સૂત્ર સાથે પોલીસે જાહેર કર્યું છે કે, જો કોઈ વિદ્યાર્થી કે વાલી ટ્રાફિક, વાહન વ્યવહારની અડચણ કે અન્ય આકસ્મિક સ્થિતિમાં ફસાય, તો તેઓ તુરંત પોલીસની મદદ મેળવી શકશે.**

**આ હેતુ માટે પોલીસે કંટ્રોલ રૂમ નંબર ૦૨૮૩૨ ૨૫૦ ૯૬૦ અને મોબાઈલ હેલ્પલાઇન ૬૩૫૯૬ ૨૯૧૦૪ કાર્યરત કર્યા છે. આ ઉપરાંત ઇમરજન્સી માટે ૧૧૨ નંબર પર પણ સંપર્ક કરી શકાશે.**

---

## એસ.ટી.નિગમ દ્વારા કાર્યવાહી:

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં ચાલી રહેલા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત એસ.ટી. બસ ડેપોમાં ગંદકી કરનાર મુસાફરો સામે હવે એસ ટી નિગમ દ્વારા કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડેપો પરિસર તેમજ બસોમાં ગંદકી ફેલાવતા મુસાફરો સામે ભુજ વિભાગ એસ.ટી. તંત્ર દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવનાર છે. પ્રશાસન દ્વારા પણ મુસાફરોને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે, કે દરેક વ્યક્તિએ પોતાનો કચરો નિયત કરેલી કચરાપેટીમાં જ નાખવો. જો કોઈ મુસાફર અથવા અન્ય વ્યક્તિ ડેપો પરિસર કે બસની અંદર ગંદકી કરતા જણાશે તો તેઓની સામે કડક દંડાત્મક કરવામાં આવનાર છે.સદર કામગીરી દંડ વસુલ કરવાનો નહિ પરંતુ લોકોમાં જાગૃતિ લાવવા હેતુ છે તેવું વિભાગીય નિયામક એસ.ટી ભુજની યાદીમાં જણાવાયું છે.

----------------------------------------------------------------------------------------------------

## ટપાલ વિભાગ દ્વારા કેમ્પ:

ટપાલ વિભાગ દ્વારા `ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓના બેન્ક ખાતા ખોલી આપવા આજથી 3જી માર્ચ સુધી જીલ્લાની તમામ પોસ્ટ ઓફિસમાં મેગા ઝુંબેશ હેઠળ કેમ્પનું આયોજન કરાયું છે. સરકારની સૂચના મુજબ હવે વિધવા સહાય યોજના' હેઠળની સહાય રકમ સીધી ખાતામાં જમા થાય તે માટે આધાર સીડેડ ખાતું હોવું અનિવાર્ય છે. લાભાર્થીઓએ પોસ્ટની બચત ખાતાની પાસબૂક, આધાર કાર્ડ અને મોબાઇલ ફોન નંબર સાથે હાજર રહેવા અધિક્ષક ડાકઘરની યાદીમાં જણાવાયું છે.

----------------------------------------------------------------------------------------------------

## કચ્છી ભાષા સાહિત્ય દિવસની ઉજવણી:

આજે વિશ્વ કચ્છી ભાષા સાહિત્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. કચ્છી ભાષાના પ્રખર સાહિત્ય સર્જક અને કવિ દુલેરાય કારાણીની જન્મ જયંતિ અને પુણ્યતિથિ કચ્છી ભાષા સાહિત્ય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કારાણીજી નો જન્મ 26મી ફેબ્રુઆરી 1896 માં મુન્દ્રા

**ખાતે થયો હતો અને આજ દિવસે ૧૯૮૯ માં 93 વર્ષની વયે અમદાવાદમાં તેમનું અવસાન થયું હતું. તેમણે કચ્છી ભાષા સાહિત્યને 60 થી વધુ પુસ્તકોની ભેટ ધરી હતી. આજે તેમની જન્મ જયંતિ નિમિતે કચ્છી ભાષાનાં લેખિકા મનીષા અજય વીરાનું ભુજમાં જાહેર સન્માન કરવામાં આવશે.**

---

## ભુજ હાટ ખાતે સ્વદેશી મેળો :

**શહેરી વિકાસ વર્ષની ઉજવણી નિમિત્તે અને પ્રધાનમંત્રીના `વોકલ ફોર લોકલ' અને `હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી' સુત્રને સાર્થક કરવા  સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન મળે તે ઉદેશથી રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ કક્ષાએ `સ્વદેશી મેળા' યોજવા નક્કી કર્યું છે જેના ભાગ રૂપે ભુજ નગરપાલિકા દ્વારા મુખ્ય અધિકારીનાં માર્ગદર્શન હેઠળ તા. 25 ફેબ્રુઆરીથી  તા. 05 મી માર્ચ  સુંધી ભુજ હાટ ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે.**

---

## T-20 ભારત -ઝિમ્બાવે:

ટી 20 વિશ્વ કપની સુપર આઠની ગ્રુપ એ ની મેચમાં આજે ભારતનો મુકાબલો ઝિમ્બાબ્વે સાથે થશે. મેચ ચેન્નાઈનાં એમ એ ચિદમ્બરમ સ્ટેડિયમ ચેપોક ખાતે સાંજે સાત વાગ્યે શરૂ થશે. પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને 76 રન થી પરાજિત કરતા ભારત માટે આજની મેચ મહત્વની મનાય છે.

---

## હવામાન:

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર આગામી 24 કલાકમાં હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આગામી

સાત દિવસ ગરમીનું પ્રમાણ યથાવત્ રહી શકે છે. તેમજ માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાની ખરી ગરમીના અનુભવની સંપૂર્ણ શક્યતા છે.

---